

**સર્વ વિશ્વ વિદ્યાલયની અથ્લેટીક મીટમાં નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન**

ગાંધીનગરના સર્વ વિશ્વ વિદ્યાલયના કેમ્પસમાં પાંચમી એથ્લેટીક મીટ ૨૦૧૪ યોજાઈ હતી જેમાં કોલેજ ઓફ નર્સીંગની ૨૪ વિદ્યાર્થીનીએ ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. એ.એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે યોજાયેલ આ એથ્લેટીક મીટમાં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગની વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા બની હતી. ચક્ર ફેંકમાં પ્રિયંકા ચૌધરી પ્રથમ નંબરે, ઊંચો કૂદકો અને લાંબા કૂદકોમાં જાગૃતિ ચૌધરી પ્રથમ નંબરે તેમજ જીલ રાવલ ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતિય નંબરે વિજેતા બન્યા હતા જયારે શિવાની પટેલ અને ભૂમિકા પટેલ ખોખોમાં તથા ક્રિશ્ના ખારા કબડ્ડીમાં યુનિવર્સિટી કક્ષાએ પસંદગી પામ્યા હતા. નર્સીંગ કોલેજના આચાર્યા રવિનાબેન, કેમ્પસ ડાયરેકટર ડૉ.આર.જે. વ્યાસ, સ્પોર્ટસ ઈન્ચાર્જ પ્રો. રાજેશ રાવલ તથા પ્રો. નિતિન દેવડીયાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# રાજય સરકારની ૩૩ ટકા મહિલા અનામત નીતિનો મહત્તમ લાભ ઉઠાવો : મંત્રી શંકરભાઈ ચૌધરી

## ગાંધીનગર ખાતે યોજાયેલા આંજણા-ચૌધરી સમાજના સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહમાં રાજયમંત્રીની હાકલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા-ચૌધરી સમાજના પરિવારોનો સ્નેહમિલન સમારંભ તા. અનામતનો મહત્તમ લાભ લેવા ચૌધરી સમાજની દિકરીઓને અનુરોધ કર્યો હતો. તેમણે સમાજ દિકરીઓને ભણાવવા-શિક્ષિત બનાવવા જાગ્રત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગોની વિસ્તૃત માહિતી આપી હતી. આ વર્ગો માટે શ્રેષ્ઠ યોગદાન આપનાર મણીભાઈ ચૌધરી અને કાર્યક્રમના



૨૮મી ડિસેમ્બર રવિવારે યોજાયો હતો. આ સમારંભમાં શહેરી ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ વાહન વ્યવહાર રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓ અને અધિકારીઓને સન્માન્યા હતાં. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ સરકારની ભરતીઓમાં ૩૩ ટકા મહિલા બન્યો હોવાનું જણાવતા આ જ્ઞાનના યુગનો લાભ લેવા હાકલ કરી હતી. શંકરભાઈ ચૌધરીએ રાજય સરકાર દ્વારા તમામ વર્ગો માટે એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમનો લાભ લેવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદબોધન કરતા ધારાસભ્ય પરબતભાઈ પટેલે સમાજના યુવક યુવતીઓને ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે યુવા અગ્રણી અને સેકશન ઓફિસર ઈશ્વરભાઈ ચૌધરીએ ગાંધીનગર આંજણા સમાજ દ્વારા ચાલતા ભોજન દાતા જીવણભાઈ કેશાભાઈ ચૌધરી નું તેમજ સહજાનંદ ગૃપના અગ્રણીઓનું પરબતભાઈ પટેલના હસ્તે સન્માન કરાયું હતું. આંજણા સેવા મંડળના પ્રમુખ કાન્તિભાઈ ચૌધરીએ મંડળની સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં મનપાના કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, અગ્રણી હરિભાઈ ચૌધરી, એમ.કે. ચૌધરી તેમજ વિશાળ સંખ્યામાં સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના અંતમાં યશવંતભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.




(તસવીર : કશ્યપ નિમાવત)



નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા દહેગામ આર્ટસ એન્ડ કોલેજ ખાતે એક વ્યસન મુકિત સેમિનાર યોજાઈ ગયો. આ પ્રસંગે ઈન્ડિયન મેડીકલ એસોસીએશન ગાંધીનગરના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, પ્રિન્સીપાલ એચ.આર. ભટ્ટ, એન.એસ.એસ. પ્રોજેકટ ઓફિસર કીરીટ પટેલ નશાબંધી આબકારી અમદાવાદના ગણપત પંડયા ઉપસ્થિત રહ્યા હતા. નહેરુ યુવા કેન્દ્રના (ગાંધીનગર) યુવા સંયોજક રજનીકાંત સુથારે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

# સે-૨માં સિવિલ એન્જીનીયરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

## દરવાજાનો નકુચો તોડી રૂ. ૧.૯૦ લાખની ઘરફોડ : પરીવાર આખુ દિલ્હી-આગ્રા ફરવા ગયું હતું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં વધુ એક ઘરફોડ ચોરી પોલીસ ચોપડે નોંધાવા પામી છે. સેકટર-૨ ખાતે રહેતા સિવિલ એન્જીનીયર તેમના પરિવાર સાથે દિલ્હી-આગ્રા ફરવા ગયા હતા અને ગઈ કાલે ઘરે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના બંધ મકાનને નિશાન બનાવી ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૧.૯૦ લાખની મત્તા સાફ કરી તસ્કરો રફફુચક્કર થઈ ગયા છે. સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરના સે-૨-એ પ્લોટ નં. ૭/૨ ખાતે રહેતા સિવિલ એન્જીનીયર કમલેશભાઈ હરીભાઈ જોગાણી ૨૫ ડિસેમ્બરે પરિવાર સાથે દિલ્હી-આગ્રા ફરવા ગયા હતાં. ૨૯ ડીસેમ્બરે તેઓ ઘરે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના બંધ મકાનમાંથી તસ્કરો માલ મત્તા સાફ કરી જવામાં સફળ રહ્યા હતાં. બંધ મકાનના દરવાજાનો નકુચો તોડીને તસ્કરો મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૧.૯૦ લાખની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી ફરાર થઈ ગયા હતાં. આ બનાવ અંગે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.યુ. ગડરીયાએ ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

કાયદા-કાનૂન વિગેરે શબ્દો જાહેર જનતા માટે જ હોય? પોલિસને આ કાંઈ લાગુ ન પડે? અગર સામાન્ય જન જાણતા અજાણતા ગુન્હો કરે તો દંડ અને સજાની જોગવાઈ તો પછી આ મહાશયને કોણ શું કહેશે?

# મીના બજારમાં ગાયના તોફાનથી પાંચ ઘાયલ

ગાંધીનગર, તા.૩૦

જુના સચિવાલય સંકુલ નજીક આવેલ મીના બજારમાં આજે એક ગાયે આતંક મચાવતાં ૫ જેટલી વ્યકિતઓ ઘાયલ થવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે મીના બજારમાં સાંજે ચાર વાગ્યાની આસપાસ એક ગાય તોફાને ચડી હતી. આ ગાય ભેટુ મારી અને ઈજાઓ પહોંચાડતી નજરે પડી હતી.

આ ગાય તોફાને ચડી હોવા અંગે તેને પકડવા માટે કોર્પોરેશનના તંત્રનો ત્યાંના વેપારીઓએ અને કર્મચારીઓએ સંપર્ક કર્યો હતો પરંતુ સંતોષકારક પ્રત્યુત્તર ન મળતાં સૌ વપારીઓમાં નિરાશાની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ખુબ જ વકરી રહી છે અને કોર્પોરેશન દ્વારા આ સમસ્યા નિવારવા તાત્કાલિક પગલાં લેવાય તેમ સૌ નગરજનો ઈચ્છી રહ્યા છે. રખડતા પશુઓને કારણે વાહન અકસ્માતના બનાવો વધુ નોંધાઈ રહ્યા છે.

# સચિવાલયમાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીને આખરી ઓપ આપવા મેરેથોન બેઠકો

ગાંધીનગર, તા.૩૦

આગામી જાન્યુઆરી ૨૦૧૫માં યોજાનારી વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ આડે હવે માત્ર નવ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે આ સમિટની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર તંત્ર હાલ વાઈબ્રન્ટ બની જવા પામ્યું છે.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આગામી ૧૧મી જાન્યુઆરી ૨૦૧૫થી ૩ દિવસ માટે વાઈબ્રન્ટ સમિટ યોજાનાર છે. આ સમિટનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોના રાજદૂતો મંત્રીઓ અને નિવેશકારો ભાગ લેનાર છે.

મહાત્મા મંદિર ખાતે યોજાનારા વાઈબ્રન્ટ સમિટને આખરી ઓપ આપવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે ત્રણ દિવસના કાર્યક્રમને ઘડી કાઢવા માટે સચિવાલયમાં મુખ્યમંત્રી અને સંબંધીત વિભાગોના મંત્રીઓ અને અધિકારીઓ સાથે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિશ્વની નામાંકીત ૨૫૦થી વધુ કંપનીઓના સીઈઓની એક કોન્કલેવ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના તજજ્ઞોની ટીમ સાથે યોજાનાર હોઈ આ કોન્કલેવના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત વાઈબ્રન્ટમાં આવનારા મહેમાનોના સ્વાગત, રહેવા-જમવા સહીતની સુવિધાઓ પૂરી પાડવા અને તેમની સરભરા માટે ધારાસભ્યોની જુદી જુદી ટીમો બનાવીને જવાબદારીઓ સોંપવામાં આવનાર છે.

### સમિટમાં આવનાર ડેલીગેટસનું ગુલાબથી સ્વાગત કરાશે

વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવનાર તમામ ડેલીગેટસોનું ખાસ પ્રકારના તૈયાર કરાયેલ ગુલાબોથી સ્વાગત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે વિશ્વભરમાંથી વિદેશી મહેમાનો અને રોકાણકારો આવનારા છે.

આ વિદેશી મહેમાનો અને રોકાણકારોના સ્વાગત માટે ગુલાબ પર વાઈબ્રન્ટ ગુજરાતનું લખાણ લખેલા ગુલાબ તૈયાર કરવામાં આવનાર છે. અને સમિટમાં ભાગ લેનાર તમામ ડેલીગેટસનું આ ગુલાબ આપીને વાઈબ્રન્ટ સ્વાગત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# સે-૩૦ની દેવી ભાગવત કથામાં આજે શિવ વિવાહ ઉજવાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૩૦માં સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ચાલી રહેલ શ્રીમદ્ દેવી ભાગવત કથામાં તા. ૩૧મી ડિસેમ્બરે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન શિવ વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. આ દેવી ભાગવત કથા સર્વોદયનગર સોસાયટીના નવરાત્રી ચોકમાં ચાલી રહી છે જેનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ અપાયું છે.

## ગુરુવારે શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧લી જાન્યુઆરીએ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સે-૨૨ ખાતે સાંજે ૪ વાગે યોજાશે.







વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા ખાતે રેલીનું આયોજન કરવામાં આવેલ જેમા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા કવોલીટી અધિકારીશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી , જિલ્લા આઈ.ઈ.સી અધિકારીશ્રી તાલુકા હેલ્થ ઓફીસરશ્રીની હાજરીમાં કુલ માધ્યમિક શાળાના ૭૦૦ બાળકો તથા ૧૦૦ આરોગ્ય કર્મચારીઓએ રેલીમાં ભાગ લીધેલ. વાહક જન્ય રોગ અટકાયત અંગેના સ્લોગનો લખેલ વિવિધ બેનર્સ તથા પ્લેકાર્ડ સાથે રેલીને તાલુક હેલ્થ ઓફીસ દહેગામથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા કવોલીટી અધિકારીશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી , જિલ્લા આઈ.ઈ.સી અધિકારીશ્રી તથા તાલુકા હેલ્થ ઓફીસર દ્વારા લીલી ઝંડી બતાવી રેલીને -સ્થાન કરાવેલ. રેલી બારોટવાસ, ગાયત્રીડેરી, જુના બજાર, લીમચમાતા મંદીર, પુર્ણીમા સ્કુલ ઢાળ, તાલુકા પંચાયત વિસ્તારોમાંથી પસાર થયેલ.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૨**
**સૂર્યાસ્ત : ૬.૦૩**

### તાપમાન

**મહત્તમ : ૨૫.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૦.૪ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૧ ટકા ● સાંજે ૩૮ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશો.

### ચિરવિદાય

- સ્વ. પરમાર નંદુબેન રણજીતસિંહ (ઉ.વ.૫૫) મુ. ચીલોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. અજીતસિંહ ખોડાજી વાઘેલા (ઉ.વ.૪૧) મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ ધુશાભાઈ રાઠોડ (ઉ.વ.૬૫) જીઈબી પાવર સ્ટેશનની સામે, છાપરા, તા.જી. ગાંધીનગર
- સ્વ.જગદીશ બચુભાઈ દંતાણી (ઉ.વ.૪૦) મુ. બોરીજ, તા.જી.ગાંધીનગર
- સ્વ. બાબુજી રામસંગજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ. શિહોલી તા.જી. ગાંધીનગર
- સ્વ. ફૂલાભાઈ નારભાઈ કુંભાર (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૪૮૩/૧, સે-૧૩, ગાંધીનગર